**–:: <u>નાદારી અરજી નં. ૧૭/૨૦૨૦ ના કામે આંક–૧ નીચે હુકમ</u> ::–**

(૧) હાલની અરજી આ કામના અરજદાર દ્વારા તેઓને નાદાર જાહેર કરવા માટે તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. વધુમાં અરજદારે જણાવેલ છે કે, તેઓ સામાવાળાઓનું દેવુ ચુકતે કરી શકે તેવી આર્થિક પરિસ્થિતિ ન હોય તેથી તેઓને નાદાર જાહેર કરવુ. હાલની અરજીમાં સામાવાળા નં.૧ તરીકે મેનેજરશ્રી બેંક ઓફ બરોડા, દુધિયા તળાવ બ્રાંચ નવસારી, સામાવાળા નં. ૨ તરીકે આસીસ્ટન્ટ કમીશ્નર ઓફ ઈન્કમટેક્ષ, નવસારી, સામાવાળા નં. ૩ તરીકે ગુરદીનો સુગંધી, સામાવાળા નં. ૪, તરીકે હરેશ જી. સુગંધી છે.

(૨) આ કામે અરજદારની અરજી ધ્યાને લઈએ તો તેઓએ પોતાને નાદાર જાહેર કરવા માટે તા.૨૯/૧૦/૨૦૨૦ના રોજ અરજી દાખલ કરેલ છે. જયારે ઈનસોલ્વન્સી એન્ડ બેન્ક્રપ્ટ કોડ–૨૦૧૬ ની કલમ–૨૪૩ ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે.

**243-** Repeal of certain enactments and savings.—(1) The Presidency Towns Insolvency Act, 1909 (3 of 1909) **<u>and the Provincial Insolvency Act, 1920 (5 of 1920) are hereby repealed.</u>**

(2) Notwithstanding the repeal under sub-sections (1),—(i) all proceedings pending under and relating to the Presidency Towns Insolvency Act, 1909 (3 of 1909), and the Provincial Insolvency Act 1920 (5 of 1920) immediately before the commencement of this Code shall continue to be governed under the aforementioned Acts and beheard and disposed of by the concerned courts or tribunals, as if the aforementioned

Acts have not been repealed;

(ii) any order, rule, notification, regulation, appointment, conveyance, mortgage, deed, document or agreement made, fee directed, resolution passed, direction given, proceeding taken, instrument executed or issued, or thing done under or in pursuance of any repealed enactment shall, if in force at the commencement of this Code, continue to be in force, and shall have effect as if the aforementioned Acts have not been repealed;

(iii) anything done or any action taken or purported to have been done or taken, including any rule, notification, inspection, order or notice made or issued or any appointment or declaration made or any operation undertaken or any direction given or any proceeding taken or any penalty, punishment, forfeiture or fine imposed under the repealed enactments shall be deemed valid;

(iv) any principle or rule of law, or established jurisdiction, form or course of pleading, practice or procedure or existing usage, custom, privilege, restriction or exemption shall not be affected, notwithstanding that the same respectively may have been in any manner affirmed or recognised or derived by, in, or from, the repealed enactments;

(v) any prosecution instituted under the repealed enactments and pending immediately before the commencement of this Code before any court or tribunal shall, subject to the provisions of this Code, continue to be heard and disposed of by the concerned court or tribunal;

(vi) any person appointed to any office under or by virtue of

any repealed enactment shall continue to hold such office until such time as may be prescribed; and (vii) any jurisdiction, custom, liability, right, title, privilege, restriction, exemption, usage, practice, procedure or other matter or thing not in existence or in force shall not be revised or restored.

(3) The mention of particular matters in sub-section (2) shall not be held to prejudice the general application of section 6 of the General Clauses Act, 1897 (10 of 1897) with regard to the effect of repeal of the repealed enactments or provisions of the enactments mentioned in the Schedule.

(૩) આમ, ઉપરોકત કાયદાની જોગવાઈ ધ્યાને લેતા આ કામના અરજદારે પ્રોવીન્સ્યલ ઈનસોલ્વન્સી એકટ–૧૯૨૦ ના કાયદા હેઠળ હાલની આ અરજી તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ કરેલી છે. જયારે આ કાયદો ઈનસોલ્વન્સી એન્ડ બેન્ક્રપ્ટ કોડ –૨૦૧૬ ની કલમ–૨૪૩ થી રદ કરવામાં આવેલ છે. જેથી જયારે પ્રોવીન્સ્યલ ઈનસોલ્વન્સી એકટ –૧૯૨૦ નો કાયદો જ અરજીની તારીખે રદ થયેલ હોય તેવા સંજોગોમાં અરજદારની હાલની આ અરજી હેઠળ કાર્યવાહી કરવાની સત્તા અત્રેની કોર્ટને રહેલ નથી અને ઈનસોલ્વન્સી એન્ડ બેન્ક્રપ્ટ કોડ –૨૦૧૬ ની કલમ–૨૪૩ ના કાયદાનો બાધ અરજદારની અરજીને નડે છે તેવુ અત્રેની કોર્ટનું માનવું છે.

(૪) વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા **Canara Bank vs P. Selathal and others etc. etc. AIR ONLINE 2020 SC 262, (2020) 4 SCALE 431 ના ચુકાદા ના પેરા ૭ મા નીચે મુજબ ના સિદ્ધાન્ત પ્રતસ્થાપિત કરેલ છે.**

"**7.** The plaint can be rejected under Order 7 Rule 11 if conditions enumerated in the said provision are fulfilled. It is

needless to observe that the power under Order 7 Rule 11 CPC can be exercised by the Court at any stage of the suit. The relevant facts which need to be looked into for deciding the application are the averments of the plaint only. If on an entire and meaningful reading of the plaint, it is found that the suit is manifestly vexatious and meritless in the sense of not disclosing any right to sue, the court should exercise power under Order 7 Rule 11 CPC. Since the power conferred on the court to terminate civil action at the threshold is drastic, the conditions enumerated under Order 7 Rule 11 CPC to the exercise of power of rejection of plaint have to be strictly adhered to. The averments of the plaint have to be read as a whole to find out whether the suit is barred by any law. It is needless to observe that the question as to whether the suit is barred by any law, would always depend upon the facts and circumstances of each case. The averments in the written statement as well as the contentions of the defendant are wholly immaterial while considering the prayer of the defendant for rejection of the plaint. Even when the allegations made in the plaint are taken to be correct as a whole on their face value, if they show that the suit is barred by any law, or do not disclose cause of action, the application for rejection of plaint can be entertained and the power under Order 7 Rule 11 CPC can be exercised. If clever drafting of the plaint has created the illusion of a cause of action, the court will nip it in the bud at the earliest so that bogus litigation will end at the earlier stage." 7.8 In the case of Ram Singh v. Gram Panchayat Mehal Kalan (1986) 4 SCC 364, this Court has observed and held that when the suit is barred by any law, the plaintiff cannot be allowed to circumvent that provision by means of clever drafting so as to avoid mention of those circumstances, by which the suit is barred by law of limitation."

(૫) આમ નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા પણ ઉપરોકત ચુકાદામાં સ્પષ્ટ જણાવવામાં આવેલ છે કે, જો વાદીની દાવા અરજી ઉપરથી જ સ્પષ્ટ ફલિત થતુ હોય કે વાદીના દાવાને કોઈપણ કાયદાનો બાધ નડે છે તો આવા પ્રકારના દાવાને સી.પી.સી ઓર્ડર–૭ રુલ–૧૧ હેઠળ રદ કરવો જોઈએ.

(૬) આમ, ઉપરોકત નામદાર સુપ્રિમકોર્ટનો ચુકાદો ધ્યાને લેતા તથા ઈનસોલ્વન્સી એન્ડ બેન્ક્રપ્ટ કોડ –૨૦૧૬ ની કલમ–૨૪૩ વંચાણે લેતા અરજદારની હાલની અરજીને કાયદાનો બાધ નડતો હોય જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

(૧) અરજદારની અરજી સીવીલ પ્રોસીજર કોડ ૧૯૦૮ ના ઓર્ડર–૭, રૂલ–૧૧ (ડી) હેઠળ આથી કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ રોજ તા.૨૦ મી માહે–માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૦/૦૩/૨૦૨૬
મુ.નવસારી

**( પ્રભાકર કૃષ્ણકાંત રાય )**
પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ
નવસારી.**(કોડ નં.જી.જે. ૦૧૧૧૨ )**